## **બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી – ૨૦૨૪ ઉમેદવારો માટે**

## **ઓનલાઇન શાળા પસંદગી અંગેની સૂચનાઓ**

**તા. ૦૯/૦૭/૨૦૨૫**

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી–૨૦૨૪ અન્વયે **તા. ૦૯/૦૭/૨૦૨૫** ના રોજ માધ્યમવાર, વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલીજગ્યાઓ અન્વયે ડોક્યુમેન્ટ વેરીફીકેશન અને વાંધા અરજી બાદ માન્ય થયેલ તમામ ઉમેદવારોનું પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ-2(PML-2) અને શાળા પસંદગી માટેની સૂચનાઓ વેબસાઇટ www.gserc.in પર મૂકવામાં આવેલ છે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની જાણ SMS થી પણ કરેલ છે.
- બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયા વર્ષ–૨૦૨૪ અન્વયે પ્રોવિઝનલ મેરીટ લીસ્ટ-૨ (PML-2) માં સમાવિષ્ટ થયેલ ઉમેદવાર પોતાની ઇચ્છા અનુસાર પોતાના માધ્યમ, વિષય અને કેટેગરી મુજબની ઉપલબ્ધ ખાલી જગ્યાઓ પૈકી અગ્રતાક્રમ અનુસાર શાળાઓની **અમર્યાદિત સંખ્યામાં તા. ૦૯/૦૭/૨૦૨૫ થી તા.૧૩/૦૭/૨૦૨૫ રાત્રે ૧૧.૫૯** કલાક સુધી શાળા પસંદગી આપી શકશે.
- સમયમર્યાદામાં ઓનલાઇન શાળા પસંદગી ન આપનાર ઉમેદવારો કોઈ શાળા પસંદગી આપવા ઈચ્છતા નથી તેમ માની તેઓને **બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયામાંથી** બાકાત કરવામાં આવશે જેની નોંધ લેવી.
- **મર્યાદિત શાળા પસંદગી આપવાથી જો કોઇ ઉમેદવારને શાળા ફાળવણી થશે નહીં તો તેઓને બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રિયામાંથી બાકાત થશે જેની નોંધ લેવી.**
- ઓનલાઈન શાળા પસંદગી આપવા માટેની સૂચનાઓ...
  - ઉમેદવારે www.gserc.in વેબસાઈટ પર જઈ **Secondary Grant-in-Aid candidate** વિકલ્પ ક્લીક કરી અને **Login For Secondary Grant-in-Aid** પર ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં પોતાનો TAT નંબર, જન્મતારીખ અને ફિક્સ Captcha Code નાખી LOGIN કરવાનું રહેશે.
  - **LOGIN કર્યા બાદ ઉમેદવારે નીચે મુજબની વિગતો ભરવાની રહેશે.**
  - School Selection મેનુ પર કિલક કરતાં, નીચે મુજબની માહિતી ભરવાની રહેશે.

    1) હાલ આપ નિયમિત ભરતીથી શિક્ષક તરીકે ફરજ બજાવો છો? ☐ હા ☐ ના
    - જો હા તો Primary/Secondary/Higher secondary પૈકી કોઈ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - Government/Grant-in-aid પૈકી કોઇ એક વિકલ્પ પસંદ કરવાનો રહેશે.
    - School Dise code (હાલ જે શાળામાં ફરજ બજાવતા હોવ તે શાળાનો School Dise code ફરજિયાત લખવાનો રહેશે.)

    **2)** અનામત કેટેગરીના મેરીટોરીયસ ઉમેદવારોએ નીચેના પૈકી **એક વિકલ્પ** પસંદ કરવાનો રહેશે.

    PML-2 માં સમાવિષ્ટ જે ઉમેદવારોની સિલેક્શન કેટેગરી GENERAL હશે તેવા ઉમેદવારોને નીચે દર્શાવેલ વિકલ્પ–૧ પસંદ કરેલ હશે તેવા ઉમેદવારોને પોતાની કેટેગરી અને જનરલ કેટેગરીની શાળાઓની પસંદગી કરી શકશે

અને વિકલ્પ–૨ પસંદ કરેલ ઉમેદવારો માત્ર જનરલ કેટેગરીની જ શાળાઓ પસંદગી કરી શકશે. પોતાની કેટેગરીની શાળાઓ પસંદગી કરી શકશે નહિ.

**(વિકલ્પ–૧)** હું મારી કેટેગરીના લાભ સાથે શાળા પસંદગી કરવા ઇચ્છુ છું.

આ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવાર **પોતાની કેટેગરી મુજબની શાળાઓ અને જનરલ કેટેગરીની શાળાઓની પસંદગી કરી શકશે.**

**(વિકલ્પ–૨)** હું મારી કેટેગરીનો લાભ જતો કરી શાળા પસંદગી કરવા ઇચ્છુ છું.

આ વિકલ્પ પસંદ કરનાર ઉમેદવારો ફક્ત **જનરલ કેટેગરીની જ શાળાઓ પસંદગી કરી શકશે. પોતાની કેટેગરીની શાળાઓ પસંદગી કરી શકશે નહિ.**

ઉપરોક્ત વિગતો ભર્યા બાદ SAVE બટન પર ક્લીક કરવાથી વિગતો SAVE થશે.

## ત્યારબાદ....

School Selection મેનુ પર ક્લિક કરતાં ઉમેદવારનો વિષય, માધ્યમ તથા કેટેગરીની વિગતો જોવા મળશે. જેમાં District ના ડ્રોપડાઉન મેનૂમાંથી એક અથવા એક કરતાં વધારે જિલ્લાઓ પસંદ કરી શકાશે ત્યારબાદ બાજુમાં રહેલ Search પર ક્લિક કરતાં ડાબી બાજુએ School List જોવા મળશે. જેમાં શાળાનું નામ, ગામ, તાલુકો અને SCHOOL DISE CODE સાથેની યાદી જોવા મળશે. આપ જે શાળાની પસંદ કરવા ઈચ્છતા હોવ તે શાળાના નામના અંતે આપેલા –→ નિશાન પર ક્લિક કરી તે શાળા પસંદગી યાદીમાં(જમણી બાજુએ) ઉમેરી શકાશે. આમ ઉમેદવારે પસંદગીક્રમ મુજબ ક્રમાનુસાર શાળાઓ પસંદ કરવી તેમજ તે શાળા જમણી બાજુએ યાદીમાં આવે તે ચકાસી લેવું. જમણી બાજુએ આપ પસંદ કરાયેલ શાળાઓ જોઇ શકશો. જમણી બાજુની યાદીમાં શાળાઓનો પસંદગીક્રમ સુધારવા ઈચ્છો તો ડ્રેગ કરી શાળાનો ક્રમ ઉપર નીચે કરી શકાશે અને આ રીતે આપ શાળાના પસંદગીક્રમ ફેરફાર કરી શકશો.

એકવાર શાળાઓની પસંદગી આપ્યા બાદ આ માહિતી અચૂક "SAVE" કરવાની રહેશે. જો આપ પસંદગી માટે જિલ્લો બદલવા ઇચ્છો તો પણ તે પહેલાં માહિતી "SAVE" કરવી અન્યથા અગાઉનું સિલેક્શન દૂર થશે. જો અન્ય જિલ્લા પસંદ કરશો કે લોગઆઉટ થશો તેવા કિસ્સામાં આગળ કરાયેલ સિલેક્શન સેવ રહેશે નહિ અને ફરીવાર સિલેક્શન કરવાનું રહેશે.

આમ ઉમેદવારે તમામ પસંદ કરેલ શાળાઓ યાદી ફાઈનલ કરવા SAVE & CONFIRM બટન ક્લીક કરી પસંદગી ફાઈનલ કરવાની રહેશે. શાળા પસંદગી ફાઈનલ થઇ જાય ત્યારે બાંહેધરી માટેના ચેક બોક્ષ પર ક્લીક કરી આપની સંમતિ આપ્યા બાદ જ આપની પસંદગી SAVE & CONFIRM બટન ક્લીક કરી ફાઈનલ કરી શકાશે.**ખાસ ધ્યાન રહે કે SAVE & CONFIRM કર્યા સિવાય ઉમેદવારે આપેલ શાળાઓ પસંદગી યાદી ફાઈનલ થશે નહિ અને**

**શાળા ફાળવણી માટે ધ્યાને લેવામાં આવશે નહિ. SAVE & CONFIRM કર્યા બાદ શાળા પસંદગીમાં કોઈપણ સુધારો કરી શકાશે નહીં.**

- પસંદગી યાદીમાંથી કોઇ શાળા રદ કરવી હોય તો, તે શાળાના નામ સામે આપેલ **DELETE** બટન પર ક્લીક કરતાં તે દૂર(રિમુવ) કરી શકાશે. ઉમેદવારે પસંદ કરેલ શાળા જમણી બાજુની **Selected school List** યાદીમાંથી નીકળી ડાબી બાજુની **School List** યાદીમાં આવી જશે.
- શાળાઓ પસંદ કર્યા બાદ યાદીની નીચેના ભાગના ત્રણ બટન પૈકી વચ્ચે આપેલ **SAVE** બટન ક્લીક કરતા આપનો ડેટા **SAVE** થશે અને જ્યારે આપ બીજી વખત LOGIN થાઓ ત્યારે અગાઉનો ડેટા **SAVE** હશે તથા તે સમયે શાળા પસંદગીમાં ફરીથી ફેરફાર કરવા ઇચ્છો તો તે કરી શકશો પરંતુ ત્યાર બાદ ફરીથી પસંદગી **SAVE** કરવાની રહેશે.
- આપ આ રીતે એક જ તબક્કામાં અથવા જુદા જુદા તબક્કામાં પસંદગી આપ્યા બાદ છેલ્લી પસંદગી યાદી ફાઇનલ કરવા માટે **બિનસરકારી અનુદાનિત શિક્ષણ સહાયક શાળા પસંદગીની બાંહેધરી વાંચી–સમજી તેના ડાબી બાજુના** ચેકબોક્ષ પર ક્લીક કર્યા બાદ "Save & Confirm" બટન ક્લીક કરતાં ઉમેદવારના રજીસ્ટર્ડ મોબાઇલ નંબર પર **OTP** આવશે, જે આપેલ બોક્ષમાં એન્ટર કરવાથી પસંદગીનો ડેટા ફાઇનલ સબમીટ થશે.
- ઓનલાઈન શાળા પસંદગી આપતી વખતે ઉમેદવારે તેઓ જે શાળામાં પ્રથમ જવા ઈચ્છતા હોય તે મુજબ ક્રમ આપી ઉપલબ્ધ તમામ શાળાઓને પોતાની પસંદગીના ક્રમમાં ગોઠવવાના રહેશે.
- "Save & Confirm" કર્યા બાદ આપ **'HOME'** ટેબ પર જઇ **'View Candidate School Selection'** ઓપ્શન પસંદ કરતાં આપની પસંદગી કરેલ શાળાઓની પ્રાયોરીટી ક્રમ સાથેની યાદી જોવા મળશે. જેની Download & Print Candidate selected school Report બટન પર ક્લીક કરી **pdf** ડાઉનલોડ કરી પ્રિન્ટ મેળવી લેવાની અને સાચવી રાખવાની રહેશે.
- ઉમેદવાર સમયમર્યાદામાં પોતાની શાળા પસંદગી "Save & Confirm" કરતા પહેલાં કોઇપણ તબક્કે શાળા પસંદગી યાદી 'RESET' કરી તમામ શાળાઓની નવેસરથી પસંદગી કરી શકશે. પરંતુ તેને "Save & Confirm" કર્યા બાદ જ ફાઇનલ ગણાશે.
- **છેલ્લે "Save & Confirm" કરેલ હશે તે ડેટા જ શાળા ફાળવણી માટે ધ્યાનમાં લેવામાં આવશે. આમ પસંદગી યાદી ફાઈનલ કરવા "Save & Confirm" બટન ક્લીક કરવું જરૂરી છે. માત્ર SAVE કરવાથી ભરેલ શાળા પસંદગીનો ડેટા સચવાશે પરંતુ તે ફાઈનલ સબમીટ થશે નહિ અને શાળા ફાળવણી માટે ધ્યાનમાં**

**લેવામાં આવશે નહિ તેમજ શાળા પસંદગી RESET કરેલ હશે તો તે પણ ધ્યાનમાં લેવામાં આવશે નહિ જેની ખાસ નોંધ લેવી.**

- **ઉમેદવારે તા. ૧૩/૦૭/૨૦૨૫ ના રોજ રાત્રે ૧૧:૫૯ કલાક સુધીમાં પોતાની પસંદગી "Save & Confirm" કરવાની રહેશે. આથી પસંદગી યાદી ફાઈનલ કર્યા બાદ નિયત સમર્યાદામાં જ "Save & Confirm" કરવું.**
- ઉમેદવારોએ છેલ્લી તારીખ/સમયની રાહ જોયા સિવાય સમયસર શાળા પસંદગી પૂર્ણ કરવી હિતાવહ છે જેથી છેલ્લા સમયે ઉદ્ભવતી સમસ્યાઓ ટાળી શકાય.
- **ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સૌનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપ સૌને શિક્ષણ વિભાગના સંનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.**
- ટેકનીકલ કે વહીવટી માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન નીચેના હેલ્પલાઇન નંબર પર સંપર્ક કરવો.

  વહીવટી માર્ગદર્શન માટે:–9327633531, ટેકનીકલ માર્ગદર્શન માટે:–9099971769

GS & HSS Education Staff Recruitment Selection Committee